મારી ભાષા ગુજરાતી ‘ઓનલાઈન મંચ પર

# જીવન જીવવાની કળા વિશે જાણીતા પ્રેરક-વકતા અશ્વિન જોશી સાથે સંવાદ

ગાંધીનગર, તા. ૩

‘ભાષા એ પણ માનું સ્વરૂપ છે અને તેથી જ એને માતૃભાષા પણ કહેવાય છે. શક્તિની પૂજા-આરાધનાના પર્વ નવરાત્રીમાં વિવિધ સ્વરૂપમાં માતા જગદંબાની સ્તુતિ થાય છે અને ગરબે ઘૂમીને આનંદ-ઉત્સવથી માણો મહિમા કરાય છે. આજે સામાજિક દૂરીના વાતાવરણમાં સમૂહમાં ગરબા




કરવાનું સ્થગિત થયું છે એવા સમયમાં ગરબા ગાવા સાથે માતૃભાષા ગુજરાતીનું ય મહિમા ગાન કરવામાં આવે તો એ પણ એક શક્તિપૂજા લેખાશે.’ જાણીતા પ્રેરક-વકતા અશ્વિન જોશીએ રવિવારે ‘મારી ભાષા ગુજરાતી’ ઓનલાઈન મંચ પર બોલતાં આમ કહ્યું. ‘જીવન જીવવાની કળા‘ વિષય પરના સંવાદમાં તેમણે પારિવારિક સુમેળભાવનાને સુદૃઢ રાખવાની બાબતે ભાર આપતાં અનેક દૃષ્ટાન્તો અને પ્રસંગકથાઓ રજૂ કર્યાં હતાં. ‘માબાપને ભૂલશો નહીં‘ કાર્યક્રમ શ્રેણીથી જાણીતા અશ્વિનભાઈએ બે કલાક ચાલેલી આ વર્ચ્યુઅલ સભામાં જીવન વિશેના સામાન્ય રીતે સૌને અનેક મૂંઝવતા પ્રશ્નો આવરી લઈ જીવનનો અર્થ, જીવનમાં દુઃખ ઉદ્ભવવાનાં કારણો, જીવન કેવું હોય વગેરે બાબતો ખૂબ ઝીણવટથી અને સરળ ભાષામાં સમજાવી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા.

‘મારી ભાષા‘ કાર્યક્રમના આયોજક-સંયોજક ભાગ્યેન્દ્ર પટેલે જોશી સાથે પ્રશ્નોત્તરી સંવાદ કર્યો હતો. દિલ્હીથી મીતા સંઘવીએ જણાવ્યું કે જીવનમાં આવતી અવનવી આંટીઘૂંટીઓને ઉકલવામાં આ કાર્યક્રમ દ્વારા ઘણું પ્રેક્ટિકલ માર્ગદર્શન મળ્યું છે. વડોદરાથી બીના શેઠે કહ્યું કે માણસ બહુ સ્વકેન્દ્રી અને સ્વાર્થી બની ગયો છે એવા વખતમાં આપસ-પરસ્પરની ઈર્ષ્યાવૃત્તિનું શમન-દમન શી રીતે કરવું એનું સમાધાન જોશી પાસેથી જાણવા માગ્યું હતું. દિલ્હીથી રાજેશ પટેલે કહ્યું કે બીજાનું બૂરું કરવા માટે વ્યક્તિ કાંઈ પણ કરી છૂટવાનું ચૂકતો નથી પણ બીજાનું સારું થાય એવી બાબતોમાં વિચાર સુદ્ધાં કરતો નથી તો એવી વૃત્તિને સકારાત્મકતામાં શી રીતે પલટી શકાય એના ઉત્તરમાં શ્રી જોશીએ ઉદાહરણ સહ સમજણ આપી હતી. અશ્વિન જોશીએ જણાવ્યું કે જીવનની મોટા ભાગની સમસ્યાઓ પરિવારમાં સુમેળ નહિ હોવા કારણે છે અને કમ્યુનિકેશન ગેપ, એકબીજાને સાંભળવા-સમજવા-સાંખવાની દરકારનો અભાવ વગેરે કારણે એક કુટુંબમાં રહેતા લોકો વાસ્તવમાં સામાજિક દૂરી જેવું જ જીવન જીવે છે. તેમણે કોરોના પછી સામાન્ય જનજીવનમાં આવેલ બદલાવનાં સકારાત્મક અને કેટલાંક નકારાત્મક પાસાંઓની પણ છણાવટ કરી હતી. તેમણે ‘મારી ભાષા ગુજરાતી‘ મંચ પર ગુજરાતી ભાષાને કેન્દ્રમાં રાખીને સંસ્કૃતિ અને જીવનને સ્પર્શતા અનેકવિધ વિષયોની સાપ્તાહિક ચર્ચાવિચારણા પ્રવાહિત રાખવાની સર્જનાત્મક પ્રવૃત્તિને બિરદાવી હતી.

ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી નિમિત્તે

# ‘ગાંધીવિચાર મંજૂષા ૨૦૨૦’ પુસ્તકનું મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે વિમોચન

## જીટીયુ દ્વારા તૈયાર કરેલ પુસ્તકમાં અધ્યાપકો-વિદ્યાર્થીઓની શ્રેણી દ્વારા ગાંધીવિચાર ઉપર નિબંધ સ્પર્ધા અને વિવિધ વ્યાખ્યાનો રજૂ કરાયા

ગાંધીનગર, તા. ૩

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે ગાંધીનગરથી મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી નિમિત્તે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા તૈયાર કરાયેલ ‘‘ગાંધીવિચાર મંજૂષા ૨૦૨૦’’ પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું.



ગાંધી વિચારને લોકો જાણે અને સમજે તે માટે GTU દ્વારા તૈયાર કરેલ પુસ્તકમાં વિદ્યાર્થીઓની શ્રેણી દ્વારા ‘‘૨૧મી સદીમાં ગાંધીવિચારની પ્રસ્તુતતા’’ અને અધ્યાપક શ્રેણીમાં ‘‘એજન્ડા ૨૦૩૦(SDG) સિદ્ધ કરવામાં ગાંધીવિચારની ભૂમિકા’’ વિષય ઉપર નિબંધ સ્પર્ધા યોજાઈ હતી. ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં ૩૦૦૦ શબ્દોની નિબંધ સ્પર્ધામાં કુલ ૧૦ વિજેતાઓને રૂ. ૨૧,૦૦૦થી રૂ. ૧૦૦૦ સુધીના પારિતોષિક આપીને સન્માનિત કરાયા હતા. આ બંને શ્રેણીમાં પ્રથમ ૧૦ વિજેતાના વિદ્યાર્થી અને અધ્યાપકોના નિબંધ ગાંધીવિચાર મંજૂષા ૨૦૨૦ પુસ્તકમાં સમાવવામાં આવ્યા છે. આ નિબંધ સ્પર્ધામાં અધ્યાપક શ્રેણીમાં ૫૫ અધ્યાપકોએ જ્યારે વિદ્યાર્થી શ્રેણીમાં કુલ ૩૨૩ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાંથી શ્રેષ્ઠ ૧૦ વિદ્યાર્થી અને અધ્યાપકોની પસંદગી કરવામાં આવી છે.

આ વિમોચન પ્રસંગે GTU ના કુલપતિ પ્રો. ડૉ. નવીન શેઠ, કુલસચિવ ડૉ. કે. એન. ખેર, આસિસ્ટન્ટ રજિસ્ટાર ડૉ. અશોક ચાવડા અને ડૉ. ગોહિલ સહિત પ્રોફેસરો ઉપસ્થિત રહ્યા હતા.

# સરકારી વિનયન કોલેજ દ્વારા ઓનલાઈન લેકચર



ગાંધીનગર, તા. ૩

સરકારી વિનયન કોલેજ, ગાંધીનગરના C.W.D.C વિભાગ દ્વારા તાજેતરમાં ડૉ.ભાવનાબેન જોષીપુરાનું ઓનલાઈન લેક્ચરનું આયોજન કરવામાં આવ્યું. જેમાં તેમણે ‘કાયદાકીય જાગૃતિ’ વિષય પર ચર્ચા કરી તેમજ મહિલા અધિકારીની ખૂબ સરળ શૈલીમાં સમજ આપી.સમગ્ર પ્રોગ્રામ ખૂબ જ રસપ્રદ રહ્યો. કોલેજના અધ્યાપ્કો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં.

# સીસીએલ-આઇઆઇટી ગાંધીનગરે ૨૦-૨૦ લેમ્પ્સ સીરીઝ લોન્ચ કરી

## દશેરાથી દિવાળી સુધીના ૨૦ દિવસમાં જાતે બનાવાય તેવા ૨૦ અનન્ય ગણિતિક પેપર લેમ્પ્સ બનાવતા શીખવાડશે

ગાંધીનગર, તા. ૩

પર્યાવરણને અનુકૂળ જાતે બનાવેલુ સુશોભન, જે ગણિતના કેટલાક પાઠ પણ શીખવે, તેનાથી દિવાળીને પ્રકાશિત કરવાના લક્ષ્ય સાથે, ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન ગાંધીનગર (આઈઆઈટી ગાંધીનગર)ના સેન્ટર ફોર ક્રિએટિવ લર્નિંગ (સીસીએલ) એ ‘૨૦ -૨૦ લેમ્પ્સ’ સીરીઝ શરૂ કરી છે. આ વિડિઓ સીરીઝના ભાગ રૂપે, જે દશેરાના દિવસે શરૂ કરવામાં આવી હતી અને દિવાળી સુધી ૨૦ દિવસ સુધી ચાલુ રહેશે, દરરોજ સીસીએલ ટીમ તેની યુટ્યુબ ચેનલ પર મેથેમેટિકલ કન્સેપ્ટ્સ પર આધારિત એક નવો કાગળનો લેમ્પ કેવી રીતે બનાવવો તેના પર વિડિઓ રજૂ કરશે.

> **સીસીએલ ટીમ તેની યુ ટ્યુબ ચેનલ પર દશેરાથી દિવાળી સુધી દરરોજ કાગળનો નવો લેમ્પ કેવી રીતે બનાવવો તેનો વિડિયો મૂકે છે અને આ પ્લેટોનિક અને આર્કીમેડિયન સોલિડ્સના આકાર પાછળના ગણિતને પણ સમજાવે છે**

સીસીએલ, આઈઆઈટી ગાંધીનગરનો આ વિચાર ખૂબ જ લોકપ્રિય ‘૩૦-૩૦ સ્ટેમ’ પ્રોગ્રામના એક એપિસોડ દરમિયાન ઉદભવ્યો, જે રોજિંદા જીવનમાંથી અજાયબીની ભાવના ઊભી કરીને ગણિત અને વિજ્ઞાનને રસપ્રદ બનાવવા માટે દર રવિવારે આવતી સાપ્તાહિક જીવંત યુટ્યુબ સીરીઝ છે. ૩૦-૩૦ સ્ટેમમાં આશરે ૪ લાખ નોંધાયેલા યુઝર્સ છે, અને ૧૫ લાખથી વધુ વ્યૂઝ ધરાવે છે.

આ બનાવવામાં સરળ DIY પેપર લેમ્પ્સ આઈઆઈટી ગાંધીનગર ખાતેના સેન્ટર ફોર ક્રિએટિવ લર્નિંગ દ્વારા વિશિષ્ટરૂપે ડિઝાઈન કરવામાં આવ્યા છે અને તે ખૂબ સુંદર લાગે છે. આ વિડિઓઝમાં, સીસીએલની ટીમે આ લેમ્પ્સ બનાવવાની પ્રક્રિયાનું વર્ણન કરવાની સાથે સાથે ટેટ્રાહેડ્રોન, ઓક્ટાહેડ્રોન, ક્યુબ, ડોડેકાહેડ્રોન વગેરે જેવા પ્લેટોનિક અને આર્કીમેડિયન સોલિડ્સ વિશે શીખવામાં રસ ધરાવતા લોકો માટે તેમની પાછળનું ગણિત પણ સમજાવે છે. તદુપરાંત, આ રચનાત્મક પ્રવૃત્તિ તહેવારોની ઉજવણી માટે પરિવાર તરીકે સાથે સમય વિતાવવાની તક પણ આપે છે.



# શ્રી જે.બી. પ્રાથમિક શાળા દ્વારા માટીમાંથી વિવિધ રમકડાં બનાવવાની ઓનલાઈન પ્રવૃતિ થઈ




ગાંધીનગર, તા. ૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જે.બી. પ્રાથમિક શાળાના ધોરણ ૩ થી ૫ ના વિધાર્થીઓ માટે ૨૨મી ઓકટોબરે માટીમાંથી વિવિધ રમકડાં બનાવવાની પ્રવૃતિનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બધા જ વર્ગના કુલ ૭૫ વિધાર્થીઓ એ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને માટીમાંથી રસોઈ ના સાધનો, ફૂલ, ખૂરશી, ટેબલ, ગણપતિની મૂર્તિ, વગેરે રમકડાંઓ નું સર્જન કર્યું હતું. જેમાં વાલીઓએ આ પ્રવૃતિ અંગે સકારાત્મક અભિપ્રાય આપી આ પ્રવૃતિને આવકારી હતી.

શાળાનાં આચાર્યા નીવાબેન પટેલે માતા પિતાનાં સહયોગથી ભાગ લઈ સુંદર સર્જનાત્મક કૃતિઓ બનાવનાર વિધાર્થીઓને તથા વાલીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.

# કામધેનુ યુનિવર્સિટી દ્વારા મેન્ટલ હેલ્થ એન્ડ ડ્રગ્સ અવેરનેસ વેબિનાર



ગાંધીનગર, તા. ૩

કામધેનુ યુનિવર્સિટી દ્વારા ૨૩મી ઓક્ટોબર ના રોજ ‘મેન્ટલ હેલ્થ એન્ડ ડ્રગ્સ અવેરનેસ’ વિષય પર ઓનલાઈન વેબિનાર યોજાયેલ. કામધેનુ યુનિવર્સિટીના માન. કુલપતિ ડૉ એન.એચ.કેલાવાલાએ અધ્યક્ષીય સંબોધનમાં માનસિક સ્વાસ્થ્યનું મહત્વ સમજાવતા જણાવેલ કે કોરોના મહામારીના કારણે દેશભરમાં લોકોના માનસિક સ્વાસ્થ્ય પર વિપરીત અસર જોવા મળી રહી છે. યુવાનોમાં વધતું જતું ડ્રગ્સનું દુષણ એ ગંભીર ચિંતાનો વિષય બનેલ છે. તેઓએ યુવાનોને માનસિક સ્વાસ્થ્ય માટે જાગૃત બની સમાજને વધુ મજબુત બનાવવાં હાકલ કરી. આ વેબીનારના વક્તા શ્રી ડૉ. ટ્વિંકલ પટેલ, ફાઉન્ડર, મધરહુડ ફાઉન્ડેશન, અમદાવાદ દ્વારા માનસિક આરોગ્ય અને ડ્રગ્સ જાગૃતિ, માનસિક આરોગ્યનું મહત્વ, વ્યસન જાગૃતિ, ડ્રગ વ્યસનનો શારીરિક પ્રભાવ,તેને નિવારવા માટેના જરૂરી અગમચેતીના પગલા જેવા વિવિધ વિષયની વિગતવાર છણાવટ કરી હતી. આ વેબીનારમાં યુનિવર્સિટીના અધિકારીઓ અને કર્મચારીઓ, શિક્ષકો અને વિદ્યાર્થીએ ગૂગલ મીટ અને ફેસબુકનાં માધ્યમથી વેબિનરમાં સક્રિયપણે ભાગ લીધો હતો.

બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે

# ‘રોલ ઓફ યુથ એન્ડ વોલ્યુન્ટિયર્સ ઈન ડિઝાસ્ટર રિસ્ક મેનેજમેન્ટ’ વિષય પર વેબિનાર યોજાયો

વલ્લભ વિદ્યાનગર,તા. ૩

ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે નેશનલ સર્વિસ સ્કીમ અંતર્ગત ‘રોલ ઓફ યુથ એન્ડ વોલ્યુન્ટિયર્સ ઈન ડિઝાસ્ટર રિસ્ક મેનેજમેન્ટ’વિષય પર તા.૩૧/૧૦/૨૦૨૦ના રોજ વેબિનાર યોજાયો.આ પ્રસંગે એક્સપર્ટ તરીકે વિંગ કમાન્ડર પુનિત ચઢ્ઢા (PRO & Spoke Person, ડિફેન્સ મિનિસ્ટ્રી, ગુજરાત રાજ્ય ) ઉપસ્થિત રહ્યા હતા. તેમણે નેશનલ યુથ પોલિસી, વોલ્યૂન્ટ્રીઝમ એન્ડ ઇટ્સ ટાઈપ્સ,વલ્નરેબિલિટી ઓફ યુથ ઈન COVID-19 જેવી કે ફિઝિકલ, સોશિયો-ઈકોનોમિકલ, ઓક્યુપેશનલ, એટિટ્યૂડિનલ, COVID-19 પેંડેમીક માં ગુજરાત ના NCC કેડેટ્સ નું યોગદાન, કેરિયર ઓપોર્ચ્યુનિટી ઈન ડિફેન્સ સર્વિસીસ વિષે રસપ્રદ માહિતી આપી હતી.

આ પ્રસંગે સંસ્થા ના પ્રિન્સિપાલ ડૉ. ઈંદ્રજિત એન.પટેલે સૌને સરદાર પટેલ જયંતી (રાષ્ટ્રીય એકતા દિવસ) નિમિતે શુભેચ્છા પાઠવી હતી અને જણાવ્યું હતું કે આપણે સૌ ભારતીયો એ એક થઈને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના એક ભારત શ્રેષ્ઠ ભારત મિશનમાં આપણા વિચાર, કર્મોનું યોગદાન આપી ને તે સંકલ્પ ને સાર્થક કરીએ તે જરૂરી છે. ભારત પાસે વિશ્વ માં સર્વાધિક યુથ પોપ્યુલેશન છે પણ તેમને એમ્પવાર કરવા,સોસાયટલઅપલીફ્ટમેન્ટ માટે તૈયાર કરવા,તેમનું શ્રેષ્ઠ ચારિત્ર્ય નિર્માણ તથા સેલ્ફ ડેવલપમેન્ટ એ પણ વર્તમાન સમય માં એટલું જ જરૂરી છે. કુદરતી ડિઝાસ્ટર જેવા કે ભૂકંપ,પૂર,સુનામી ની સાથે સાથે માનવસર્જિત ડિઝાસ્ટર જેવા કે માનવીના વિચારો, પ્રોસેસીસ,ટેકનોલોજિકલ ડિઝાસ્ટર,રોડ પર સર્જાતા અકસ્માતો,રૂરલ તથા અર્બન લાઈફસ્ટાઈલ વચ્ચેની ગેપ, એન્વયર્મેન્ટલ ઈમ્બેલેન્સ વગેરે ઘણા ઉદાહરણો છે જેનું સોલ્યુશન ચોક્કસ પણે લાવી શકાય છે. એક ટેકનોક્રેટ તરીકે GPS, રિમોટ સેન્સિંગ, GIS ટેક્નોલાજી તથા અન્ય ટેકનોલોજિકલ ઇનોવેશન માં યોગદાન આપવું એ દેશ સેવા નો જ એક ભાગ છે . ડૉ.પરેશ મોરધરા (NSS કોર્ડીનેટર, બીજેવીએમ એન્ડ સીવીએમ યુનિવર્સીટી )એ સૌને શુભેચ્છા પાઠવી હતી તથા ભૂતકાળ માં અધ્યાપકો માટે સીવીએમ દ્વારા આયોજિત ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટ્રેનિંગ વિષે સૌને જણાવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમ નું સંચાલન ઈવેન્ટ કોર્ડીનેટર પ્રો.મયુર એમ.સેવકે કર્યુ હતું. અંતે ડૉ.એચ.વી.પટેલ(દ્વજીજી પ્રોગ્રામ ઓફિસર ) એ સૌનો આભાર વ્યકત કર્યો હતો.ઉપરોક્ત ઓનલાઈન વેબિનાર માં સમગ્ર રાજ્ય માંથી ૫૦ થી વધુ વિદ્યાર્થીઓ તથા અધ્યાપકો જોડાયા હતા. ચારુતર વિદ્યામંડળ ના અધ્યક્ષ એન્જીનીયર ભીખુભાઈ પટેલ તથા અન્ય હોદ્દેદારો એ શુભેચ્છા વ્યક્ત કરી હતી.






## શ્રી ગજાનન અને માનવ મિત્ર મંડળ દ્વારા કીટ વિતરણ

૨૬મી ઓકટોબરે, શ્રી ગજાનન સેવા સમિતિ તથા માનવ મિત્ર મંડળ દ્વાર ભિલોડા તાલુકાના શોભાયડા તથા ગડાદર મુકામે ૫૦ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ખારી તથા સુનોક મુકામે ખજુર તથા રામપ્રસાદ ખીચડીના ૯૫ પૅકેટ આપવામાં આવ્યા હતા. કૌશિક તથા ચૈતન્ય પટેલ, રાવળ દાદા અને મહેશ ઠાકોર માનવ મિત્ર મંડળ તરફથી હતા. તથા મિલિંદભાઈ, કમલેશ તથા મહર્ષિ ગજાનન સેવા સમિતિ તરફથી હતી.

## જન્મદિને વધામણી




પ્રતિભાબેન કનુભાઈ દવે
પ્રમુખ, સંસ્કૃતિ મહિલા પરિવાર
મો. ૯૧૦૬૮ ૨૮૨૦૯



અદીતિ દક્ષેન ત્રિવેદી
બ્યુટીશીયન એન્ડ ટેટૂ માસ્ટર
મો. ૯૮૨૪૧ ૬૪૬૨૬



જયંતિભાઈ વઘાસીયા
ટ્રસ્ટી - સૌરાષ્ટ્ર કચ્છ સમાજ



ઉન્નતિ ઉમાકાંતભાઈ
મો. ૭૩૮૩૪ ૩૯૯૧૮



માસ્ક પહેરો... કોરોનાથી બચો...